# ફિફા વર્લ્ડકપ : ગ્રુપ સ્ટેજના અંત સાથે રાઉન્ડ ઓફ 32ની મેચ નિર્ધારિત

**કેનેડા** અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની મેચથી રાઉન્ડ ઓફ 32 શરૂ થશે અને કોલંબિયા-ઘાનાની મેચથી સમાપ્ત થશે

સાન્ટા ક્લેરા, તા. 29 : ફિફા વર્લ્ડકપમાં રવિવાર ઓસ્ટ્રિયા અને અલ્જેરિયા વચ્ચે 3-3 થી રોમાંચક ડ્રો મેચ રમાઈ હતી અને આ બંને ટીમે રાઉન્ડ ઓફ 32માં સ્થાન મેળવ્યું હતું. આ મેચની સાથે જ ફૂટબોલ મહાકુંભમાં રાઉન્ડ ઓફ 32 માટેની તમામ ટીમો નક્કી થઈ ગઈ હતી અને તેમાં કઈ ટીમ કોની સામે રમશે તે પણ નક્કી થઈ ગયું હતુ.

વર્લ્ડકપમાં રાઉન્ડ ઓફ 32ના નોકઆઉટ સ્ટેજની પહેલી મેચ રવિવારે દક્ષિણ કેલિફોર્નિયામાં કેનેડા અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાશે અને છેલ્લી મેચ 4 જુલાઈએ કોલંબિયા અને ઘાના વચ્ચે રમાશે. બુધવારે કેલિફોર્નિયાના સાન્ટા ક્લેરામાં અમેરિકા બોસ્નિયા-હર્જેગોવિના સામે ટકરાશે, જ્યારે ત્રીજું સહ-યજમાન મેક્સિકો મંગળવારે ઈક્વાડોર સામે ટકરાવવા માટે તેની રાજધાની શહેરમાં પરત ફરશે. ફેવરિટ ફ્રાન્સ મંગળવારે સ્વીડન સામે ટકરાવવા માટે ન્યુ યોર્ક વિસ્તારમાં પાછો જશે, અને જો તે આ મેચ જીતશે તો રાઉન્ડ ઓફ 16માં જર્મની અથવા પેરાગ્વે સામે ટકરાશે. મેસીની આર્જેન્ટીના ચોથી જુલાઈએ કાર્બો વર્ડે સામે રમશે. જ્યારે રોનાલ્ડોની પોર્ટુગલ ક્રોએશિયા સામે ત્રીજી જુલાઈએ રમશે.

### આર્જેન્ટિના અને પોર્ટુગલ ક્યારે રમશે?

લિયોનેલ મેસ્સીની આર્જેન્ટિના 4 જુલાઈના રોજ કાબો વર્ડે સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ સવારે 3:30 વાગ્યે શરૂ થશે. ક્રિસ્ટિયાનો રોનાલ્ડોની પોર્ટુગલ ટીમ એક દિવસ પહેલા, 3 જુલાઈના રોજ ટોરોન્ટોમાં સવારે 4:30 વાગ્યે ક્રોએશિયા સામે ટકરાશે.

### ફિફા વર્લ્ડ કપ રાઉન્ડ ઓફ ૩૨: મુખ્ય મેચો

૩૨ રાઉન્ડના બે શ્રેષ્ઠ મેચોમાં બ્રાઝિલ વિરુદ્ધ જાપાન અને નેધરલેન્ડ વિરુદ્ધ મોરોક્કોનો સમાવેશ થાય છે. એશિયન ટીમે મેદાન પર શાનદાર ઉર્જા દર્શાવી છે અને તે ખરેખર બ્રાઝિલની એક-પરિમાણીય આક્રમક રેખાને મુશ્કેલીમાં મૂકી શકે છે. આ રમત ૨૯ જૂને રમાનારી છે. બીજી મેચ નેધરલેન્ડ અને મોરોક્કો વચ્ચે છે. ડચ ટીમ એક મજબૂત આક્રમક ટીમ છે, જે ક્યારેક નબળા સ્વભાવની હોય છે. બીજી તરફ, મોરોક્કોનું નેતૃત્વ અસાધારણ અચરાફ હકીમી કરી રહ્યા છે, જે આ વર્લ્ડ કપમાં શાનદાર ફોર્મમાં છે.

### ફિફા વર્લ્ડકપ રાઉન્ડ ઓફ 32નું સંપૂર્ણ શેડ્યુલ

| હરીફ ટીમો | તારીખ | સમય (ભારતીય) |
|---|---|---|
| દક્ષિણ આફ્રિકા vs કેનેડા | 29 જૂન | બપોરે 12.30 વાગ્યે |
| બ્રાઝિલ vs જાપાન | 29 જૂન | રાત્રે 10:30 વાગ્યે |
| જર્મની vs પેરાગ્વે | 30 જૂન | મોડી રાત્રે 2.30 વાગ્યે |
| નેધરલેન્ડ્સ vs મોરોક્કો | 30 જૂન | સવારે 6.30 વાગ્યે |
| આઇવરી કોસ્ટ vs નોર્વે | 30 જૂન | રાત્રે 10.30 વાગ્યે |
| ફ્રાન્સ vs સ્વીડન | 1 જુલા | મોડી રાત્રે 2.30 વાગ્યે |
| મેક્સિકો vs ઇક્વાડોર | 1 જુલાઈ | સવારે 6.30 વાગ્યે |
| ઈંગ્લેન્ડ vs ડીઆર કોંગો | 1 જુલાઈ | રાત્રે 9.30 વાગ્યે |
| બેલ્જિયમ vs સેનેગલ | 2 જુલાઈ | રાત્રે 1.30 વાગ્યે |
| અમેરિકા vs બોસ્નિયા | 2 જુલાઈ | મળસ્કે 5:30 વાગ્યે |
| સ્પેન vs ઓસ્ટ્રિયા | 3 જુલાઈ | રાત્રે 12:30 વાગ્યે |
| પોર્ટુગલ vs ક્રોએશિયા | 3 જુલાઈ | મળસ્કે 4.30 વાગ્યે |
| સ્વિટ્ઝર્લેન્ડ vs અલ્જેરિયા | 3 જુલાઈ | સવારે 8.30 વાગ્યે |
| ઓસ્ટ્રેલિયા vs ઇજિપ્ત | 3 જુલાઈ | રાત્રે 11.30 વાગ્યે |
| આર્જેન્ટિના vs કાબો વર્ડે | 4 જુલાઈ | મોડી રાત્રે 3.30 વાગ્યે |
| કોલંબિયા vs ઘાના | 4 જુલાઈ | સવારે 7.00 વાગ્યે |

### વર્લ્ડકપ નોકઆઉટમાં નવ આફ્રિકન ટીમના પ્રવેશથી નવો ઇતિહાસ રચાયો

એટલાન્ટા, તા. 28 (એપી) : ફિફા વર્લ્ડકપમાં શનિવારે રાત્રે કોંગોની ઉઝબેકિસ્તાન પર 3-1થી જીત અને અલ્જેરિયાની ઓસ્ટ્રિયા સાથે 3-3થી ડ્રોના કારણે આફ્રિકન ખંડની રેકોર્ડ નવ ટીમો વર્લ્ડકપના નોકઆઉટ રાઉન્ડમાં પહોંચતા ઇતિહાસ રચાયો છે, આ પહેલાનો રેકોર્ડ બે આફ્રિકન દેશનો હતો. અત્યાર સુધી 17 દિવસની મેચો પછી, મોરોક્કો, દક્ષિણ આફ્રિકા, સેનેગલ, આઇવરી કોસ્ટ, ઘાના, કેપ વર્ડે, ઇજિપ્ત, અલ્જેરિયા અને કોંગોએ રાઉન્ડ ઓફ 32 માટે ક્વોલિફાય કર્યું છે. એ ઉલ્લેખનીય છે કે કુલ 10 આફ્રિકન દેશોએ ઐતિહાસિક રીતે 2026 વર્લ્ડકપ માટે ક્વોલિફાય કર્યું હતું, જેમાંથી નવ હવે નોકઆઉટમાં છે. ચાર વર્ષ પહેલાં કતારમાં રમાયેલા વર્લ્ડકપમાં મોરોક્કો સેમી ફાઇનલમાં પહોંચનાર પહેલો આફ્રિકન દેશ હતો અને હવે બ્રાઝિલ સામેની 1-1થી ડ્રો બાદ તે ફરીથી ખૂબ આગળ વધવા માટે સક્ષમ દેખાય છે. આ વર્ષની ટુર્નામેન્ટે આફ્રિકન ફૂટબોલની ઊંડાઇ દર્શાવી છે, જેમાં કેપ વર્ડે અને કોંગો બંનેએ રાઉન્ડ ઓફ 32માં પહોંચીને આશ્ચર્યચકિત કરી દીધું છે. કોંગો હવે આગામી મેચમાં ઈંગ્લેન્ડનો સામનો કરશે જે એક મોટો પડકાર છે.

## જોર્ડનને હરાવી આર્જેન્ટિનાનું ગ્રુપ સ્ટેજમાં ક્લીન સ્વીપ

60 મિનિટે સબસ્ટિટ્યૂટ તરીકે આવીને મેસીએ ગોલ કરીને રેકોર્ડ બુકમાં નામ સામેલ કર્યું



એર્લિંગ્ટન, તા. 28 : ફિફા વર્લ્ડકપની એક મેચમાં, ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિનાએ જોર્ડન સામે 3-1થી શાનદાર વિજય મેળવીને ગ્રુપ સ્ટેજમાં સતત ત્રણ જીત સાથે ક્લીનસ્વીપ કર્યું છે. આ વર્લ્ડકપમાં લિયોનેલ મેસી સિવાય આર્જેન્ટિના માટે ગોલ કરનાર જીઓવાની લો સેલ્સો પ્રથમ ખેલાડી બન્યો છે.

પોતાની પ્રથમ વર્લ્ડ કપ મેચ રમી રહેલા લો સેલ્સોએ 19મી મિનિટે ડાયરેક્ટ ફ્રી કિક પર ગોલ કરીને આર્જેન્ટિનાને સરસાઈ અપાવી હતી.

આ ટૂર્નામેન્ટમાં અત્યાર સુધીમાં સૌથી વધુ 6 ગોલ કરનાર મેસીને આ મેચમાં શરૂઆતમાં આરામ આપવામાં આવ્યો હતો, જો કે 60મી મિનિટે તે સબસ્ટીટ્યૂટ તરીકે મેદાન પર આવ્યો અને 80મી મિનિટે ગોલ કરીને વર્લ્ડ કપના ઈતિહાસમાં પોતાના કુલ ગોલની સંખ્યા 19 પર પહોંચાડી દીધી હતી. આ પહેલા મેચની 31મી મિનિટે લૌતારો માર્ટિનેઝે પેનલ્ટી કિક દ્વારા આર્જેન્ટિના માટે બીજો ગોલ કર્યો હતો. માર્ટિનેઝ અને ગોલકીપર એમિલિયાનો માર્ટિનેઝ એવા માત્ર બે ખેલાડીઓ છે.

જેઓ આર્જેન્ટિનાની ત્રણેય ગ્રુપ મેચોમાં શરૂઆતથી રમ્યા છે. બીજી તરફ, પ્રથમ વખત આ આંતરરાષ્ટ્રીય ટૂર્નામેન્ટમાં ભાગ લઈ રહેલી જોર્ડનની ટીમ પોતાની ત્રણેય મેચો હારી ગઈ હતી.

## મેસી વર્લ્ડકપની સતત સાત મેચમાં ગોલ કરનાર પ્રથમ ખેલાડી બન્યો



આર્લિંગ્ટન, તા. 28 : આર્જેન્ટીનાના કેપ્ટન લિઓનેલ મેસી પાસે વર્લ્ડકપની સતત સાત મેચમાં ગોલ કરનાર પ્રથમ ખેલાડી બનવા માટે બહુ વધારે સમય નહોતો. તેમ છતાં, તેણે બીજા હાફમાં સબસ્ટિટ્યુટ તરીકે આવીને આ સિદ્ધિ મેળવી હતી. શનિવારે રાત્રે રમાયેલી ગ્રુપ સ્ટેજની અંતિમ મેચમાં આર્જેન્ટિનાએ જોર્ડનને 3-1થી હરાવ્યું હતું. આ મેચમાં મેસીએ તેનો વર્લ્ડકપનો 19મો ગોલ કરીને પુરુષોના વર્લ્ડ કપમાં ઓલ-ટાઇમ હાઈએસ્ટ સ્કોરિંગ રેકોર્ડને વધુ લંબાવ્યો હતો, અને સાથે જ સતત સાતમી મેચમાં ગોલ કરવાનો નવો રેકોર્ડ પણ બનાવ્યો હતો. ત્રણ દિવસ પહેલા જ 39 વર્ષના થયેલા મેસીએ તેની આ પ્રથમ મેચમાં 80મી મિનિટે પેનલ્ટી બોક્સની બરાબર બહાર ફાઉલ થયા બાદ ફ્રી કિક પર ગોલ કર્યો હતો. મેસીના કરિયરનો ફ્રી કિક પર આ 72મો ગોલ હતો, જેમાં આર્જેન્ટિના માટેના 12 ગોલ સામેલ છે. મેસીના હવે 202 ઈન્ટરનેશનલ મેચોમાં 123 ગોલ થઈ ગયા છે, જે ક્રિસ્ટિયાનો રોનાલ્ડો પછી બીજા ક્રમે છે.

## ઉઝબેકિસ્તાનને હરાવી કોંગો વર્લ્ડકપના નોકઆઉટમાં પ્રવેશ્યું

**યોઆને** વિસાએ કરેલા બે ગોલની મદદથી કોંગોએ ઉઝબેકિસ્તાનને 3-1થી હરાવી વર્લ્ડકપમાં પોતાની પહેલી જકીત મેળવી



એટલાન્ટા, તા. 28 : છેલ્લા 52 વર્ષથી વર્લ્ડકપમાં કોંગોની સૌથી મોટી યાદ એ હતી કે જ્યારે તેઓ પોતાની એકમાત્ર છેલ્લી સ્પર્ધામાં યુગોસ્લાવિયા સામે 0-9થી શરમજનક રીતે હારી ગયા હતા. પરંતુ હવે એવું નથી. ખેલાડીઓની નવી પેઢીએ પહેલીવાર વર્લ્ડકપના નોકઆઉટ સ્ટેજમાં પહોંચીને નવો ઈતિહાસ રચી દીધો છે, જ્યાં હવે તેમનો સામનો ઈંગ્લેન્ડ સામે થશે.

શનિવારે રાત્રે સ્ટ્રાઈકર યોઆને વિસાએ બે ગોલ કરીને કોંગોને ઉઝબેકિસ્તાન સામે 3-1થી જીત અપાવવામાં મદદ કરી. આ જીત સાથે કોંગો, કેપ વર્ડેની જેમ આ ટૂર્નામેન્ટમાં રાઉન્ડ ઓફ ૩૨માં ક્વોલિફાય થનારી વધુ એક સરપ્રાઈઝ ટીમ બની ગઈ છે. આ ટૂર્નામેન્ટમાં ક્રિસ્ટિયાનો રોનાલ્ડોની પોર્ટુગલ ટીમને 1-1થી ડ્રો પર રોક્યા બાદ, કોંગોએ વર્લ્ડકપના ઈતિહાસમાં પોતાની આ પહેલી જીત મેળવીને નવો ઈતિહાસ રચ્યો છે.

મેચની 10મી મિનિટે જ ઉઝબેકિસ્તાનના એલ્ડોર શોમુરોદોવે ગોલ કરીને કોંગોને પાછળ ધકેલી દીધું હતું. પરંતુ સેબેસ્ટિયન ડેસાબ્રેની ટીમે હાફ-ટાઈમ પછી જોરદાર વાપસી કરી હતી. 68મી મિનિટે જ્યારે વિસાને અબ્દુકોદિર ખુસાનોવ દ્વારા પેનલ્ટી બોક્સમાં પાડી દેવાતા કોંગોને પેનલ્ટી મળી. વિસાએ જાતે જ પેનલ્ટી શૉટ લઈ ગોલ કર્યો હતો. આ ગોલ પછી કોંગોએ આક્રમણ વવદારીને 10 મિનિટ પછી, સબસ્ટિટ્યુટ ખેલાડી માયેલે નજીકથી ગોલ કરીને કોંગોને 2-1થી આગળ કરી દીધું. તે પછી મેચના એક્સ્ટ્રા ટાઈમમાં વિસાએ વધુ એક શાનદાર ગોલ કરીને કોંગોની 3-1થી જીત પાકી કરી દીધી હતી.

## પોર્ટુગલ સામે ગોલ રહિત ડ્રો રમી કોલંબિયા ગ્રુપમાં ટોચે

**કોલંબિયાએ** સ્ટાર રોનાલ્ડોને ગોલ કરવાથી વંચિત રાખ્યો, બંને ટીમ નોકઆઉટમાં



મિયામી ગાર્ડન્સ, તા. 28 : ફિફા વર્લ્ડકપમાં સ્ટાર ક્રિસ્ટીયાનો રોનાલ્ડો વધુ એક મેચમાં ગોલ કરવાથી વંચિત રહ્યો હતો અને તેના માટેની કોલંબિયાની યોજના લગભગ સંપૂર્ણ રીતે સફળ રહી હતી. બંને વચ્ચેની મેચ ગોલ રહિત ડ્રો રહ્યા પછી કોલંબિયા ગ્રુપમાં ટોચ પર રહીને નોકઆઉટ સ્ટેજમાં પ્રવેશ્યું હતું તો પોર્ટુગલ બીજા સ્થાને રહીને નોકઆઉટમાં ગયું હતું .

મેચ દરમિયાન તાપમાન 90 ડિગ્રી ફેરનહીટથી વધુ હોવા છતાં કોલંબિયાના ખેલાડીઓ થાક્યા વગર રમ્યા અને તેમણે ગોલ કરવા માટે કુલ 24 પ્રયાસો કર્યા, જ્યારે પોર્ટુગલે 13 પ્રયાસો કર્યા હતા. બંને ટીમો મેચ પહેલા જ નોકઆઉટ સ્ટેજમાં પોતાની જગ્યા પાકી કરી ચૂકી હતી, માત્ર આગામી રાઉન્ડમાં તેમના હરીફો કોણ હશે તે નક્કી થવાનું બાકી હતું. હવે કોંલબિયા 3 જુલાઈના રોજ ઘાના સામે ટકરાશે, જ્યારે બીજા સ્થાને રહેલું પોર્ટુગલ 2 જુલાઈના રોજ ક્રોએશિયા સામે રમશે. પ્રથમ હાફમાં પોર્ટુગલના બ્રુનો ફર્નાન્ડીઝે ગોલ કરવાની નજીક પહોંચી ગયા હતા.

પરંતુ કોલમ્બિયાના ગોલકીપર કેમિલો વાર્ગાસે તેને અટકાવી દીધો હતો. પોર્ટુગલના ગોલકીપર ડિઓગો કોસ્ટાએ આ મેચમાં 6 શાનદાર બચાવ કર્યા હતા.

## ઓસ્ટ્રિયા અને અલ્જીરિયા વચ્ચેની મેચ ડ્રો, બંને નોકઆઉટમાં

**મેચની** છેલ્લી મિનિટ સુધી સ્કોર 2-2થી બરાબરી પર હતો અને સ્ટોપેજ ટાઇમમા બંને ટીમે એક એક ગોલ કર્યો

**જો** બંનેમાંથી કોઇ એક ટીમ હારી હોત તો ત્રીજા ક્રમની શ્રેષ્ઠ ટીમ તરીકે ઇરાને ક્વોલિફાય કર્યુ હોત



કેન્સાસ સિટી, તા. 28 : વર્લ્ડકપના ગ્રૂપ સ્ટેજના અંતિમ મુકાબલામાં ઓસ્ટ્રિયા અને અલ્જીરિયા વચ્ચે 3-3 થી રોમાંચક ડ્રો મેચ રમાઈ હતી. આ પરિણામ બંને ટીમો માટે ફાયદાકારક રહ્યું અને બંને ટીમો આગામી નોકઆઉટ રાઉન્ડમાં ક્વોલિફાય થઈ ગઈ છે, જ્યારે ઈરાનની ટીમ આ ટૂર્નામેન્ટમાંથી બહાર થઈ ગઈ છે.

મેચની છેલ્લી મિનિટો સુધી સ્કોર 2-2 ની બરાબરી પર હતો. અલ્જીરિયા સમય પસાર કરી રહ્યું હોય તેવું લાગતું હતું, ત્યાં જ સ્ટોપેજ ટાઈમની છેલ્લી મિનિટે રિયાદ માહરેઝે પોતાનો બીજો ગોલ કરીને અલ્જીરિયાને આગળ કરી દીધું. આ ગોલથી ઓસ્ટ્રિયા બહાર થવાના આરે હતું, પરંતુ થોડી જ ક્ષણોમાં સાસા કાલાજદિચે શાનદાર હેડર વડે ગોલ કરીને સ્કોર 3-3 ની બરાબરી પર લાવી દીધો અને ઓસ્ટ્રિયાની આશાઓ જીવંત રાખી.

ગ્રુપ જેમાં આર્જેન્ટિના પછી બીજા ક્રમે રહીને ઓસ્ટ્રિયા 1982 પછી પ્રથમ વખત આગળ વધ્યું છે. ગુરુવારે લોસ એન્જલસમાં તેનો સામનો યુરોપિયન ચેમ્પિયન સ્પેન સામે થશે. અલ્જીરિયા ત્રીજા સ્થાને રહ્યું અને ગુરુવારે રાત્રે વાનકુવરમાં તેનો સામનો સ્વિટ્ઝર્લેન્ડ સામે થશે. જો આ મેચ બંનેમાંથી કોઈ એક જીત્યું હોત તો ઈરાન ત્રીજા ક્રમની શ્રેષ્ઠ ટીમ તરીકે આગળ વધ્યું હોત.

## બેલિંગહામ-કેનના ગોલથી પનામાને હરાવી ઇંગ્લેન્ડ ગ્રુપમાં મોખરે

**પ્રથમ** હાફમાં પનામાએ ઈંગ્લેન્ડને ગોલ કરવા ન દીધો પણ બીજા હાફમાં પાંચ મિનિટમાં ઈંગ્લેન્ડે બે ગોલ કર્યા



ઈસ્ટ રધરફોર્ડ, રતા. 28 : વર્લ્ડકપમાં શનિવારે અહીં રમાયેલી મેચમાં જુડ બેલિંગહામ અને હેરી કેને બીજા હાફની શરૂઆતમાં જ શાનદાર ગોલ કરીને ઈંગ્લેન્ડને પનામા સામે 2-0થી જીત અપાવી હતી. આ જીત સાથે ઈંગ્લેન્ડ વર્લ્ડકપના નોકઆઉટ રાઉન્ડ માટે વધુ સાનુકૂળ સ્થાન પર પહોંચી ગયું છે.

મેટલાઈફ સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં વરસાદી માહોલ વચ્ચે પ્રથમ હાફમાં પનામાએ યુરોપિયન પાવરહાઉસ ઈંગ્લેન્ડને ગોલ કરવા દીધો ન હતો. આ દરમિયાન બંનેમાંથી એક પણ ટીમ કોઈ મોટો પડકાર ઉભો કરી શકી નહોતી અને કેને માત્ર ૧૦ વખત જ બોલને ટચ કર્યો હતો, જે કોઈપણ ખેલાડી માટે સૌથી ઓછો હતો.તે પછી 62મી મિનિટે બુકાયો સાકાની કોર્નર કિક પર જુડ બેલિંગહામે ગોલ કરીને ઈંગ્લેન્ડને 1-0થી લીડ અપાવી હતી. તે પછી મેચની 67મી મિનિટે બેલિંગહામે ડાબી બાજુથી ક્રોસ પાસ આપ્યો જેને કેને હેડર દ્વારા ગોલમાં ફેરવી દીધો.

આ તેનો 82મો ઇન્ટનરનેશનલ ગોલ હતો. આ સાથે જ કેન 11 ગોલ સાથે વર્લ્ડકપમાં ઈંગ્લેન્ડ તરફથી સૌથી વધુ ગોલ કરનાર ખેલાડી બન્યો છે.

સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | | | | ૨ | ૬ | ૫ | |
| ૧ | ૨ | | | ૬ | ૭ | ૯ | ૮ | |
| ૬ | ૭ | | | ૯ | ૫ | ૪ | | ૨ |
| | ૬ | ૮ | | ૪ | | | ૯ | ૫ |
| | ૪ | ૧ | | ૫ | | | | |
| | ૫ | ૯ | ૭ | ૮ | | ૧ | | ૬ |
| ૪ | | ૬ | ૫ | ૭ | | | | ૯ |
| | | ૨ | ૬ | | ૯ | ૮ | ૭ | |
| | ૮ | | | ૨ | | ૫ | ૬ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

#### અતિસાર

ફક્ત ઘરનો ખોરાક લો. ઉકાળેલું પાણી પીએ તો અતિસારથી બચશો. તો પણ થાય તો ત્રણ ચમચી ઈસપ ગુલ ભૂસી સો ગ્રામ દહીંમાં ભેળવી, સવાર, બપોર, સાંજ ખાવું.

## બેન સ્ટોક્સ ત્રીજી ટેસ્ટ પછી ઈન્ટરનેશનલ ક્રિકેટને અલવિદા કહેશે

**ન્યૂઝીલેન્ડ** સામે રમાઇ રહેલી ત્રીજી ટેસ્ટ દરમિયાન જ ઇંગ્લેન્ડની ટીમ દ્વારા જાહેરાત



નોટિંઘમ, તા. 28 : ઈંગ્લેન્ડનો કેપ્ટન બેન સ્ટોક્સ ન્યુઝીલેન્ડ સામેની ત્રીજી ટેસ્ટ મેચ બાદ ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્ત થશે, તેમ રવિવારે ટીમ દ્વારા જણાવવામાં આવ્યું હતું. ટ્રેન્ટ બ્રિજ ખાતે રમાઈ રહેલી ટેસ્ટ મેચના ચોથા દિવસના મધ્યમાં આ જાહેરાત કરવામાં આવી હતી.

આ જાહેરાત સાથે સ્ટોક્સની ૧૫ વર્ષની આંતરરાષ્ટ્રીય કરિયરનો અંત આવશે. આ કરિયર તેના શિખર પર ત્યારે પહોંચી હતી જ્યારે તેણે ૨૦૧૯ ના ૫૦-ઓવરના વર્લ્ડ કપની ફાઇનલમાં ન્યુઝીલેન્ડ સામે ઈંગ્લેન્ડને જીત અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તે 2022માં ટી-20 વર્લ્ડકપ જીતનારી ઈંગ્લેન્ડની ટીમનો પણ મુખ્ય ખેલાડી હતો, અને આ જ વર્ષે તે ટેસ્ટ ટીમનો કેપ્ટન બન્યો હતો. પ્રથમ ટેસ્ટ મેચ પછી રાત્રે મોડે સુધી બહાર રહેવા બદલ શિસ્તભંગના પગલાં રૂપે સ્ટોક્સને ચાલુ સિરીઝની બીજી ટેસ્ટ મેચમાંથી બહાર રાખવામાં આવ્યો હતો.

તેની નિવૃત્તિની સાથે ઈંગ્લેન્ડના મહાન આધુનિક કારકિર્દીમાંના એકનો અંત થશે. સ્ટોક્સે 2011 માં ઈંગ્લેન્ડની સફેદ બોલ ટીમ સાથે પોતાની સફર શરૂ કરી હતી અને 2013 માં એડિલેડમાં એશિઝ દરમિયાન ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું.

ટ્રેન્ટ બ્રિજ ટેસ્ટના ચોથા દિવસે રમત શરૂ થાય તે પહેલાં સ્ટોક્સે તેના સાથી ખેલાડીઓને આ નિર્ણયની જાણ કરી હતી, અને ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ (ECB) એ પાછળથી આ સમાચારની પુષ્ટિ કરી હતી. ઈસીબીના અધ્યક્ષ રિચાર્ડ થોમ્પસનએ જણાવ્યું હતુ કે બેન સ્ટોક્સે ઈંગ્લેન્ડના અત્યાર સુધીના મહાન ક્રિકેટરોમાંના એક અને તેમની પેઢીના નિર્ણાયક વ્યક્તિઓમાંના એક તરીકે ઈન્ટરનેશનલ રમતને અલવિદા કરવાની તૈયારી કરી લીધી છે.

દબાણ હેઠળ તેનું પ્રદર્શન, તેની અવિરત સ્પર્ધાત્મકતા અને જ્યારે સૌથી મહત્વપૂર્ણ હોય ત્યારે અસાધારણ પ્રદર્શન કરવાની તેની ક્ષમતાએ મને અને લાખો અન્ય ચાહકોને એવી યાદો આપી છે જે હંમેશા માટે ટકી રહેશે.

## ભારત A અને શ્રીલંકા A વચ્ચે મેચ ડ્રો રહી

ગોલ, તા. 28 : શ્રીલંકા એ સામેની પ્રથમ બિનસત્તાવાર ટેસ્ટ ચોથા અને અંતિમ દિવસે ખરાબ હવામાનને કારણે ડ્રો રહી હતી, આ પહેલા ભારત એ ના બીજા દાવમાં દેવદત્ત પડિકલે શાનદાર અડધી સદી ફટકારી હતી. ભારત-એ ટીમે પોતાનો બીજો દાવ કોપ૭ ઓવરમાં આઠ વિકેટે ૧૮૯ રન પર ડિકલેર કરીને શ્રીલંકા A ને જીતવા માટે ૩૧૨ રનનો લક્ષ્યાંક આપ્યો. શ્રીલંકા A માટે, ડાબોડી સ્પિનર દિલુમ સુદિરાએ ભારત A ના બીજા દાવમાં 49 રન આપીને પાંચ વિકેટ લીધી. લક્ષ્યનો પીછો કરતા, શ્રીલંકા A એ 15 ઓવરમાં બે વિકેટે 70 રન બનાવ્યા, વરસાદને કારણે રમત ઘણા સમય માટે રોકાઈ હતી. શ્રીલંકા A ના બીજા દાવમાં, ઓપનર પવનથ વીરાસિંઘે 10 રન, નુવાનિંદુ ફર્નાન્ડોએ અણનમ 16 રન અને એશેન બંદારાએ અણનમ 18 રન બનાવ્યા. ભારત A વતી પહેલી ઈનિંગમાં ૫૮ રન આપીને ચાર વિકેટ લેનારા જમ્મુ અને કાશ્મીરના ઝડપી બોલર આકિબ નબીએ ૧૮ રન આપીને એક વિકેટ અને હર્ષ દુબેએ ૨૫ રન આપીને એક વિકેટ લીધી.

### આજનું પંચાંગ

**તા. 29/06/2026, સોમવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** નિજ જેઠ
**તિથિ:** સુદ : પૂનમ:29:27 - વ્રતની પૂનમ
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** અષાઢ: 08
**યોગ :** શુકલ **કરણ:** વિષ્ટિ
**નક્ષત્ર :** મૂળ 28:04 સુધીમાં જન્મેલાની મૂળની શાંતિ કરાવવી. **રાશિ :** ધન (ભ.ધ.ફ.ઢ.)
**દિવસ :** મિશ્ર, જેઠ પૂર્ણિમા, વટપૂર્ણિમા, કબિર જયંતી, બુધ વક્રી:23:07 થી
**સુરતમાં સૂર્યોદય :** 06:01 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:22
**નવકારસી :** 06:49
**પારસી વર્ષ :** 1395 બહમન માસનો 19મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 મોહરમ માસનો 13મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત
**રાત્રિનાં ચોઘડિયાં:** ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, અમૃત, ચલ
રાહુકાળ: સાંજે 07.30થી 09.00 સુધી

### આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** ઉચ્ચ કક્ષાના બૌદ્ધિક લોકોની મદદથી નવી તક મળે. ધર્મ-કર્મમાં મન લાગશે. કાયદાકીય બાબતે મદદ મળશે.

**વૃષભ (બ,વ,ઉ,):** ઉધાર-લેવા-દેવાનું ટાળવું. આરોગ્ય સુધરશે. સરકારી કામમાં મદદ મળે.ઉઘરાણી આવી શકે છે. ખર્ચા વધશે.

**મિથુન (ક,છ,ઘ,):** કોઇ જોખમ ઉઠાવવુ નહીં. વાણી પર કાબૂ રાખવો. સામાજિક પ્રશ્નો સતાવે, નવાં કામ મળે. સંતાનોની ચિંતા વધશે.

**કર્ક (ડ,હ,):** સરકારી નોકરિયાતને તક મળે. ઉચ્ચ અધિકારીનો સાથ મળે. પ્રેમ પ્રકરણમાં તાલ મેળ વધશે. આવક વધશે.

**સિંહ (મ,ટ,):** પ્રેમમાં પ્રસ્તાવ આવી શકે. મિત્રો સાથે વિવાદ થાય. પરીક્ષામાં સફળતા મળે. નવા રોકાણમાં ધીરજ રાખી.

**કન્યા (પ,ઠ,ણ,):** જમીન ઓફિસ, મકાનનાં કામમાં પ્રગતિ થાય. અચાનક સોદા થઇ શકે છે. બહારનાં કામની ચિંતા વધે.

**તુલા (ર,ત,):** સામાજિક ઉત્સવમાં ભાગ લેવાનું બને. બૌદ્ધિક કાર્યમાં સફળતા મળે. અટકેલા કામમાં ગતિ આવશે.

**વૃશ્ચિક (ન,ય,):** મહેનતનું ફળ મળે. કામની કદર થાય. ધન પ્રાપ્તિના રસ્તા મળે. સંતાનોના અભ્યાસની યોજના બને.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** પ્રવાસના ધંધામાં આવક વધશે. નવા રોકાણથી લાભ થાય. આત્મવિશ્વાસ વધે તેવાં કામ થાય. આવક વધે.

**મકર (ખ,જ,):** નોકરી ધંધાર્થે પ્રવાસ અનુકૂળ રહે. આરોગ્યને ખાસ ધ્યાન રાખવું. વિદેશના કામમાં પ્રગતિ થાય.

**કુંભ (ગ,સ,શ,ષ,):** જૂના મિત્રોને મળવાનું બને નવી ટેક્નોલોજીનો લાભ મળે. મિત્રોની મદદથી આવક વધશે.

**મીન (દ,ચ,ઝ,થ,):** હાથ પરનાં કામ પાર પડશે. નોકરીમાં પ્રગતિ થાય. મોજ-શોખનાં ધંધામાં આવક વધશે.

### કોઈ પણ સાલમાં 29 જૂને જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરી-ધંધામાં નવી ટેકનોલોજીનો લાભ મળે. નવું શીખવાથી નવી દિશા મળે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદથી અટકેલાં કામમાં ગતિ આવે. સામાજિક પ્રતિષ્ઠા વધે. આર્થિક બાબતે સામાન્ય રહે. ઉઘરાણી આવવાથી નવા રોકાણ થાય. નોકરી ધંધામાં વગેરેમાં હરીફોથી નુકસાન થઇ શકે છે. સંતાનોનાં કામ, અભ્યાસ-કેરીયરમાં પ્રગતિ થાય. નોકરીમાં પ્રમોશન લઇ શકે છે. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. પ્રેમવિવાહની યોજનામાં મદદ મળે. નવા ઘર, વાહન, મકાન બાબતે સફળતા મળે. વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસમાં મદદથી પરીક્ષાના પરિણામ સારા મળે. વિદેશનાં કામમાં પ્રગતિ થાય. આરોગ્ય સામાન્ય રહે. વારસા, જાયદાદ, જમીન વગેરેનાં કામમાં વડીલો-મિત્રોની મદદ મળે. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મ થાય. જૂન-જુલાઇ, સોમ, ગુરુવાર, 20,11, 29, 02 તારીખે નવાં કામ કરવાં સફેદ, ક્રીમ રંગનો ઉપયોગ વધારવો. જાન્યુઆરી-ફેબ્રુઆરી, મંગળ બુધવાર, 05, 08 તારીખે નવાં કામ ટાળવાં કાળો, લીલો રંગ ઓછો વાપરવો. ચંદ્રના ઉપાય કરતાં રહેવું.